**રાજકોટના મહે. અધિક જ્યુડી. મેજી. ફ.ક., સાહેબની કોર્ટમાં,**

**ફોજદારી કેસ નં. ૪૩૨૬૫ / ૨૦૨૫**
**આંક –**

**ફરીયાદી – સરકારશ્રી**

**વિરૂધ્ધ**

**આરોપી – ભારુભાઈ રમેશભાઈ ભુરીયા**

**ગુન્હો :– પ્રોહીબીશન એકટની કલમ– ૬૬ , ૧ ( બી )**

**:: જજમેન્ટ ::**

**(૧)..** આરોપીઓ ને સમન્સ કરતા તેઓ કોર્ટ રૂબરૂ વકીલશ્રી સાથે હાજર થયેલ છે અને પોલીસ પેપર્સની નકલો વિનામુલ્યે આપ્યાની ખાતરી કરી આરોપી વિરૂધ્ધ પ્લી રેકર્ડ કરતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરવા માંગતા હોવાની હકીકત જણાવેલી છે.

**(૨)..** અત્રેની અદાલતે આરોપીઓ ને સજાની જોગવાઈઓ અંગે સમજાવતા છતા તેમજ કબૂલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં આરોપીએ ગુના કબુલાતની પુરશીશ આપી જાહેર કરેલ છે કે, મારો આ પ્રથમ ગુનો છે, અને અમો સામાન્ય અને ગરીબ વર્ગના છીએ. અમારે કોઈ સ્થિર ધંધો નથી અમો છુટક મજુરી કામ કરીએ છીએ અમોને મજુરી કામ દરરોજ મળતુ નથી અમો અમારા કુટુંબમાં એક જ કમાનાર સભ્ય છીએ. અમારા બાળ બચ્ચા તથા અમારા કુટુંબના ભરણ પોષણની જવાબદારી અમારા ઉપર રહેલી છે. અમો ભવિષ્યમાં આવો કોઈ ગુનો કરીશુ નહી તેવી ખાત્રી આપીએ છીએ જેથી અમારી સામાજીક તથા આર્થિક પરિસ્થિતીને ધ્યાનમાં રાખી અમારી ઉપર રહેમરાહ રાખવા અરજ ગુજારેલ છે.

**(૩)** આરોપીઓ વિરૂધ્ધ ગુનાનો આક્ષેપ જોતા તથા આરોપી દવારા રજુ કરવામાં આવેલ ગુના કબુલાત પુરશીશ વંચાણે લેતા તેમા જણાવેલ કારણો ધ્યાને લેતા તેમજ આરોપીની મારી સમક્ષ રૂબરૂ નિરીક્ષણ કરતા આરોપી આર્થિક તથા સામાજીક રીતે ગરીબ વર્ગના જણાય આવે છે. તેમજ ભવિષ્યમાં બીજો કોઈ ગુનો નહી કરવાની ખાત્રી આપે છે. આરોપીએ જાહેર કરેલો પસ્તાવો તથા આરોપીની વર્તણુંક તથા સામાજીક જવાબદારી

ધ્યાને લેતા તથા રેકર્ડ વંચાણે લેતા આ આરોપીનો પ્રથમ ગુનો હોવાનું જણાય આવે છે. જેથી મારૂ નમ્રપણે માનવુ છે કે, આરોપી ઉપર રહેમરાહ રાખીને ઓછી સજા અને દંડ કરવામાં આવે તો આરોપી સમાજમાં ફરી વખત માનભેર જીવન શરૂ કરી શકે અને સમાજ તથા દેશને ઉપયોગી થઈ શકે તેમ છે. તે સંજોગોમાં ઓછી સજા તથા દંડ કરવો તે ન્યાય અને ઉચિત માનુ છું.

(૪) આમ આરોપીઓ ની કબુલાત પુરશીશ તથા આરોપીના સામાજીક સંજોગો ધ્યાને લ ેતા કાયદાએ સુચવેલ નિમ્નતમ સજા કરતા ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને પ્રબળ કારણો જણાય છે જેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવો તેવુ હું નમ્ર પણે માનું છું. આરોપીની સજા અંગે સાંભળ્યા બાદ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**:: <u>હુકમ</u> ::**

આ કામના આરોપીઓ ને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૨ [ બી.એન.એસ.એસ. કલમ ૨૭૫] અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ-૬૬(૧)(બી) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા. ૨૦૦/- ( બસ્સો રૂપીયા પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે, અને દંડના ભરે તો દિન-૦૩ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ આજ રોજ તારીખ : ૧૩ મી, માંહે સપ્ટેમ્બર સને : ૨૦૨૫ ના રોજ સ્પે.સીટીંગમાં જાહેર કર્યો.

સ્થળ : રાજકોટ
તારીખ: ૧૩/૦૯/૨૦૨૫.

**( અભય સંજય ખંડેલવાલ )**
જ્યુડી. મેજી.ફ.ક, રાજકોટ
**U.I.C. NO. GJ01662**

**ફોજદારી દંડ ની રકમ રૂા. ૨૦૦/-**
**દંડની પહોચ નં............તા.૧૩/૦૯/૨૫**
થી વસુલ લીધા

Nazir
C.J.M.Court,
**Rajkot**